# IIT-gnના સ્ટુડન્ટસ કઠપૂતળીના માધ્યમથી હેલ્થની વાત રજૂ કરશે

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગરના સ્ટુડન્ટસ દ્વારા સોશિયલ એક્ટિવિટી માટે ન્યાસા નામે સ્ટુડન્ટસ કોમ્યુનિટી ગ્રુપ બનાવવામાં આવ્યુ છે. સોસિયલ એક્ટિવિટી દ્વારા સમાજ ઉપયોગી પ્રવૃતિ કરતા હોય છે. ન્યાસાના સ્ટુડન્ટસ કોમ્યુનિટી અને ધ દેસાઈ ફાઉન્ડેશન (યુ.એસ.એ) દ્વારા આઈઆઈટી પાલેજ કેમ્પસ ખાતે ૬ અને ૭ ફેબ્રુઆરીએ 'સંજીવની-હેલ્થ મેલા'નું આયોજન કરાયું છે.

આ અનોખા હેલ્થ મેળામાં આઈઆઈટીની આજૂબાજુ ચાલતી કન્સ્ટ્રકશન સાઈટ અને આજુ બાજુના ગામડાઓમાં રહેતા લોકોના આરોગ્યની કાળજી લેવા માટે આયોજન કરવામા આવ્યુ છે. જેમાં તબીબીઓ દ્વારા બાળકો અને સ્ત્રીઓની આરોગ્યની તપાસ કરવામા આવશે. આ કેમ્પમાં આરોગ્યલક્ષી વસ્તુઓ બજાર ભાવ કરતા સસ્તાદરે વિતરણ કરવામા આવશે.

આરોગ્ય પ્રત્યે લોકોને સચોટ માહિતી પુરી પાડવામાં આવતી નથી. જેના કારણે માહિતીના અભાવે સારવાર મેળવી શકતાં નથી. આરોગ્યનું સ્તર નીચુ ના જાય તે માટે ખાસ કરીને ગામડાઓમાં રાજ્ય સરકાર દ્વારા અવાર-નવાર હેલ્થ કેમ્પ યોજવામાં આવે છે. જે નિશુલ્ક હોવા છતાં લોકોમાં હેલ્થ પ્રત્યે જાગૃતતા જોવા મળતી નથી. પરિણામ સ્વરૂપ હેલ્થ કેમ્પમા લોકોની પાંખી હાજરી જોવા મળતી હોય છે. આઈઆઈટી સ્ટુડન્ટસે આ સમસ્યાના સમાધાન સ્વરૂપે હેલ્થ કેમ્પને મેળાનું સ્વરૂપ આપ્યું છે. જેનાં હેલ્થ ચેક-અપની સાથે સાથે કઠપૂતળીના ખેલ અને વિવિધ પ્રકારની ગેમ્સ રમાડવામાં આવશે. મનોરંજનના માધ્યમથી ગંભીર બીમારીઓના ઉપચારને સરળ રીતે રજૂ કરવામાં આવશે.



ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગરના ન્યાસા સ્ટુડન્ટસ કોમ્યુનિટી દ્વારા ગામડાના લોકો માટે ૬થી ૭ ફેબ્રુ. હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે



મધ્યમવર્ગીય અને શ્રમજીવી પરિવારોના બાળકો અને મહિલાઓનું આરોગ્ય સારુ બની રહે તે માટે આઈઆઈટી પાલેજ કેમ્પસ ખાતે અમારા સ્ટુડન્ટસ ગ્રુપ દ્વારા 'સંજીવની-હેલ્થમેલા'નું આયોજન કરવામાં આવ્યુ છે. બે દિવસીય આ મેળામાં આઈઆઈટીની આજુબાજુના ગામડાઓના કોઈ પણ વ્યકિતઓ ભાગ લઈને પોતાના આરોગ્યની નિઃશુલ્ક તપાસ કરાવી શકશે. **પ્રેરણા, સ્ટુડન્ટસ આઈઆઈટીજીએન**

## હેલ્થ મેળામાં શુ રહેશે ખાસ?

- બાળકો અને મહિલાઓના હેલ્થ ચેકઅપની ખાસ વ્યવસ્થા
- વિવિધ ગેમ્સ દ્વારા ફન
- કઠપૂતળીના શૉ દ્વારા મનોરંજન
- રાહતદરે આરોગ્યલક્ષી વસ્તુઓનું વિતરણ
- મહિલા આંત્રપ્રિન્યોરશીપ પર વર્કશોપ
- મહિલા આરોગ્ય પર એક્સપર્ટ ટૉક

smart guru
" આયોજનબધ્ધ તૈયારી
એજ પ્રવર્તમાન સમયની માંગ !"